## ડાયરેક્ટ ❤ સે

હું
રંગમંચ
સાથે લઈને
ફરું છું
હરઘડી
જગત
નવું પાત્ર માગે

## જન્મદિને વધામણી



આર સી રાવલ
મો. ૯૪૮૪૬ ૨૩૩૫૬



મીત દિલીપ રાજ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# આઈએનઆઈએફડી ગાંધીનગરના વિદ્યાર્થીઓની ડિઝાઈન ન્યુયોર્ક ફેશન વિકમાં





આઈએનઆઈએફડી, ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી ડ્રેસની ડિઝાઈન ન્યુયોર્ક ફેશન વીકમાં રજૂ કરવામાં આવી હતી.

ન્યુયોર્ક ફેશન વીકમાં રજુ કરાયેલી ડિઝાઈનની થીમનું નામ વિન્ટરોબ હતું એટલે કે વિન્ટર વોર્ડરોબ, જેને તૈયાર કરવામાં અંદાજે એક મહિનાનો સમય લાગ્યો હતો. આ ડિઝાઈન પ્રિયંકા મનસતા, પ્રિયા વીરામગમી, જાનકી કોટેચા, કેતનકુમાર બોરાડ, અનીશા પેરીવાલ, નેહા દીક્ષિત, સુનિતા ગિરી, બિનલ વઘાસીયા દ્વારા તૈયાર કરવામાં આવી હતી.

# શ્રીમતી આર જી પટેલ સ્કૂલમાં વિદાય સમારોહ

ગાંધીનગર, તા. ૨૪

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિકશાળા, સૅક્ટર-૨૩નાં આચાર્ય સુધાબેન જે પટેલ અને ઓફિસ સુપ્રિટેન્ડન્ટ તરીકે કાર્યરત તૃપ્તિબેન જે દવે નિવૃત્ત થતાં વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહના મુખ્ય મહેમાન તરીકે કેમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ અને પૂર્વ આચાર્ય તથા હાલ બી જી પટેલ ગર્લ્સ હૉસ્ટેલનાં સુપ્રિટેન્ડન્ટ કૌશલ્યાબેન પરીખ ઉપસ્થિત રહ્યાં હતાં.

શિક્ષક રમણભાઈ પટેલ અને વિમલભાઈ દ્વારા ઉદ્‌બોધનો રજૂ થયાં હતાં. ગીતાબેન અને કામિનીબેન દ્વારા સન્માનપત્રનું વાચન કરવામાં આવ્યું હતું. ઉપરાંત દરેક વિભાગમાંથી પસંદ કરવામાં આવેલી વિદ્યાર્થિનીઓ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી વિદાયમાન બંને બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું. ગિતેષભાઈ દ્વારા મહેમાનોનો પરિચય આપવામાં આવ્યો હતો અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની વિદ્યાર્થિનીઓ દ્વારા સ્વાગત અને વિદાયગીતની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. મુખ્ય અતિથિના હસ્તે શ્રીફળ અને શાલ અર્પણ કરી બંને બહેનોને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જશુભાઈ અને મયંકભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે સુધાબેન આ શાળાનાં પ્રથમ નિમણૂંક પામેલાં શિક્ષક હતા, જેમણે ૧૨-૭-૧૯૯૦થી આ શાળામાં પાર્ટ ટાઈમ શિક્ષક તરીકે અને ૧૭-૬-૧૯૯૧થી ફુલટાઈમ શિક્ષક તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમણે ૨૬-૬-૨૦૦૬ના રોજ આચાર્યનો પદભાર સંભાળ્યો હતો.

તૃપ્તિબેન દવેએ ક્લાર્ક તરીકે જોડાઈને શાળામાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને ૨૦૦૦માં ઓફિસ સુપ્રિટેન્ડન્ટ બન્યાં હતાં.

### શ્રી રાજપૂત વિદ્યાસભા, ગુજરાત દ્વારા

# રાજપૂત સમાજની પ્રતિભાઓ સન્માનિત કરાઈ





ગાંધીનગર, તા. ૨૪

શ્રી રાજપૂત વિદ્યાસભા, ગુજરાતના ઉપક્રમે તાજેતરમાં રાજપૂત સમાજના તેજસ્વી તારલાઓ તેમજ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર મહાનુભાવોને સન્માનવા માટે એક સમારોહનું આયોજન રાજપૂત સમાજભવન, ગોતા ખાતે કરવામાં આવ્યું હતું.

કારોબારી સભ્ય પ્રવીણસિંહ આર દરબારના જણાવ્યાનુસાર આ સમારોહના પ્રમુખ સ્થાને નિવૃત્ત ડીજીપી સિદ્ધરાજસિંહ ભાટી, મુખ્ય મહેમાન તરીકે ઉદ્યોગપતિ ધર્મેન્દ્રસિંહ વાઘેલા, જીટીપીએલના ડિરેક્ટર કનકસિંહ રાણા અને ગૌભક્ત, કથાકાર ચૈતન્ય શંભુ મહારાજ ઉપસ્થિત રહ્યા હતા.

મહાનુભાવોના હસ્તે શસ્ત્ર પૂજન અને વિદ્યાર્થીઓને મેડલ, પ્રમાણપત્ર તથા પોલીસ મેડલ પ્રાપ્ત કરનારા પોલીસ અધિકારીને મેડલ અને સ્મૃતિચિહ્ન આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમાજના દીકરા-દીકરીઓ દ્વારા રાસ-ગરબાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## ૨૬થી ૨૮મી દરમિયાન અમદાવાદમાં ગુજરાત સ્ટેટ ઍન્ડ ઈન્ટર ડિસ્ટ્રીક્ટ ટેબલ ટેનિસ ચૅમ્પિયનશીપ

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત સ્ટેટ ઍન્ડ ઈન્ટર ડિસ્ટ્રીક્ટ ટેબલ ટેનિસ ચૅમ્પિયનશીપનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. આ અંગેની માહિતી આપતાં ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ ઍસોસિએશનના માનદ મંત્રી હરેશ સંગતાનીએ જણાવ્યું છે કે તા. ૨૬ ઑક્ટોબરના રોજ ઍસએજી સ્પોર્ટ્સ કૉમ્પલેક્સ, ખોખરા, મણિનગર ખાતે આ ચૅમ્પિયનશીપનો ઉદ્‌ઘાટન સમારોહ તથા તા. ૨૮ ઑક્ટોબરના રોજ સમાપન સમારોહ સાંજે ૪ કલાકે યોજવામાં આવ્યો છે. બંને સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઍસોસિએશનના પ્રમુખ વિપુલ મિત્રા અને અતિથિ વિશેષ તરીકે હેવમોરના ડિરેક્ટર પ્રદીપ ચોના ઉપસ્થિત રહેશે.

### ઈન્ડિયા બુક ઑફ રૅકર્ડ્સમાં સ્થાન પામનાર

# અનન્યાનાં સ્કેચનું રવિવારે પ્રદર્શન



ગાંધીનગર, તા. ૨૪

૨૮મી ઑક્ટોબરનો દિવસ ગાંધીનગર માટે યાદગાર દિવસ બની રહેવાનો છે.

આ દિવસે એક નવ વર્ષની બાળકી 'અનન્યા' પોતાની આયુના ૯મા વર્ષમાં પ્રવેશી રહી છે. આ નિમિત્તે અનન્યા ન માત્ર એક પાર્ટીનું આયોજન કરી રહી છે પરંતુ ૯ માસના સમયગાળામાં પોતાના દ્વારા રચિત ૯૦૦ જેટલાં સ્કેચનું પ્રદર્શન પણ યોજી રહી છે.

ઉલ્લેખનીય છે કે આ ચિત્રોનાં સર્જન માટે અનન્યાનું નામ ઈન્ડિયા બુક ઑફ રૅકર્ડ્સમાં પણ નોંધવામાં આવ્યું છે.

રવિવાર, ૨૮ ઑક્ટોબરના રોજ સાંજે ૬ કલાકે સૅક્ટર-૧૬ રંગમંચ ખાતે આયોજિત આ વિશિષ્ટ પ્રદર્શનનો લાભ લેવા માટે સૌ રસિક નગરજનોને સતિષ એન પિશારોડી અને ગીતા એસ પિશારોડી દ્વારા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### કેઍસવી ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનમાં પેઈડ ઈન્ટર્નશીપ માટે ઈન્ટર્વ્યૂ

ગાંધીનગર, તા. ૨૪

કેઍસવી ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનની બીઍડ કૉલેજોમાં પેઈડ ઈન્ટર્નશીપ માટે ઈન્ટર્વ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું.

૨૩મી ઑક્ટોબરના રોજ આયોજિત કરવામાં આવેલા આ ઈન્ટર્વ્યૂમાં ગાંધીનગર, અમદાવાદ જિલ્લાની ૧૦ જેટલી સ્કૂલ્સે ભાગ લીધો હતો. બીએડ કૉલેજના પ્રશિક્ષણાર્થીઓએ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટે ઈન્ટર્વ્યૂ આપ્યા હતા.

૫૫ જેટલા વિદ્યાર્થીઓની પસંદગી પેઈડ ઈન્ટર્નશીપ માટે કરવામાં આવી હતી. ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનનાં ડીન પ્રૉ. વીણાબેન પટેલે પસંદગી પામેલા વિદ્યાર્થીઓને અભિનંદન આપી ઈન્ટર્વ્યૂ માટે ઉપસ્થિત રહેનારી સંસ્થાઓ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

### મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત

# શુક્રવારે કલોલ ખાતે એપ્રેન્ટીસ ભરતી મેળો

**કેઆઈઆરસી એજ્યુકેશન કૅમ્પસ ખાતે ઉમેદવારોને તમામ પ્રમાણપત્રો સાથે ઉપસ્થિત રહેવા આમંત્રણ**

ગાંધીનગર, તા. ૨૪

મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત કેઆઈઆરસી એજ્યુકેશન કૅમ્પસ, કલોલ ખાતે એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્ય દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે તા. ૨૬ ઑક્ટોબર ને શુક્રવારના રોજ કેઆઈઆરસી ઍજ્યુકેશન કૅમ્પસ, અમદાવાદ હાઈવે, કલોલ ખાતે સવારે ૧૦ કલાકે એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિવિધ ક્ષેત્રની ૧૦૦ ઉપરાંત નામાંકિત કંપનીઓ જુદા-જુદા ટ્રેડમાં એપ્રેન્ટીસની ભરતી માટે ઉપસ્થિત રહેશે.

એપ્રેન્ટીસ તરીકે જોડાવા ઈચ્છુક ઉમેદવારોએ આ માટે પોતાનાં શિક્ષણ તથા તાલીમને લગતાં તમામ પ્રમાણપત્રો સાથે ઉપસ્થિત રહેવું તથા પસંદગી પામેલા ઉમેદવારોને સરકારના નિયમાનુસાર સ્ટાઈપેન્ડ મળશે એમ તેમણે જણાવ્યું છે.

# પહેલી નવેમ્બરથી રેલવેમાં જનરલ ટિકિટનું ઓનલાઈન બૂકિંગ થશે

**એક વ્યકિત ૪ ટિકીટ બૂક કરી શકશે, પ્લેટફોર્મ ટીકીટ પણ મળશે**

ગાંધીનગર, તા. ૨૪

પહેલી નવેમ્બરથી રેલ્વેની અનરીઝર્વ્ડ ટિકિટનું બુકીંગ ઓનલાઈન થઈ જશે. દિવાળી પહેલા મુસાફર પોતાના મોબાઈલ ફોનથી લાંબા અંતરની ટ્રેનમાં રેલવેના અનારક્ષિત ટીકીટ સીસ્ટમ (યુટીએસ)થી જનરલ ટિકિટ ખરીદી શકશે. તેના માટે હવે તેમણે કાઉન્ટર પર લાંબી લાઈનમાં નહીં ઉભુ રહેવું પડે.

રેલમંત્રાલયના એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું કે યુટીએસ ઓન મોબાઈલ સેવા ૨૦૧૪માં શરૂ થઈ હતી. પહેલા તે મુંબઈ ઉપનગરીય સેવા, પછી દિલ્હી-પલવલ અને ચેન્નાઈ ઉપનગરીય સેવા ચાલુ કરાઈ હતી. રેલવેના ૧૫ ઝોનમાં આ સેવા શરૂ થઈ ચૂકી છે.

નોર્થ ઈસ્ટ ફ્રંટીયર રેલ્વેના કટિહાર, અલીપુરદ્વાર, લુબીંગ, રંગીયા તીનસુખીયા અને વેસ્ટર્ન સેન્ટ્રલ રેલ્વેના જબલપુર, ભોપાલ અને કોટા ડીવીઝનમાં યુટીએસ ઓન મોબાઈલ શરૂ નથી થઈ શક્યું તેના લીધે સેંકડો મુસાફરો આ સેવાનો લાભ નહોતા લઈ શકતા. રેલમંત્રાલય ૩૦મી ઓકટોબર સુધીમાં બાકી રહેલા ડીવીઝનોમાં આ સેવા ચાલુ કરી દેશે. આમ પહેલી નવેમ્બરથી દેશભરમાં મોબાઈલ પર જનરલ ટીકીટ બુકીંગની સેવા શરૂ થઈ જશે.

મુસાફરો ટીકીટ બુકીંગ માટે એકવાર રજીસ્ટ્રેશન અને લોગઈન કરવું પડશે. દરેક પીએનઆર પર વધુમાં વધુ ચાર મુસાફરો મુસાફરી કરી શકશે. કયા સ્ટેશનથી ઉપડવાનું અને કયા સુધી જવાનું છે તે અંગેનો મેસેજ જીપીએસ દ્વારા બુકીંગ થયા પછી મળી જશે.

# દિવાળી વેકેશન માટે રેલવે દ્વારા ૪ સ્પેશિયલ સાપ્તાહિક ટ્રેનની જાહેરાત

**ઉત્તર ભારતના નાગરિકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો**

ગાંધીનગર, તા. ૨૪

દેશના ૩ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થતાંની સાથે જ આચાર સંહિતા લાગુ કરી દેવામાં આવી હતી. જેના પગલે તંત્ર દ્વારા નવી જાહેરાતો ઉપર પણ રોક લગાવી દેવામાં આવી હતી. જોકે લોકોની માંગ જોતાં આચાર સંહિતાને લીધે અટકી પડેલી દિવાળી સ્પેશિયલ ટ્રેનોની જાહેરાત પણ રેલવે તંત્રને કરવી પડી હતી. જેમાં ઉધનાથી છપરા સહિતની વિશેષ ટ્રેનોની જાહેરાત કરી દેવામાં આવી છે.

ઉધના-છપરા સાપ્તાહિક ટ્રેન દિવાળીનાં સમયમાં ૮ ફેરા મારશે. જેમાં દર રવિવારે આ ટ્રેન સુરતનાં ઉધના સ્ટેશનેથી રાત્રે ૧૧.૫૫ વાગ્યે રવાના થશે અને મંગળવારે સવારે ૬.૧૫ વાગ્યે છપરા સ્ટેશને પહોંચશે. તો આ ટ્રેન મંગળવારે છપરાથી સવારે ૭.૫૦ વાગ્યે ઉપડી બુધવારે બપોરે ૧.૧૫ વાગ્યે ઉધના સ્ટેશને આવી પહોંચશે.

મુંબઈ સેન્ટ્રલ-લખનઉ સાપ્તાહિક એસી સુપરફાસ્ટ વિશેષ ટ્રેન ગુરુવારે મુંબઈ સેન્ટ્રલથી સાંજે ૭.૩૫ વાગ્યે પ્રસ્થાન કરશે. આ ટ્રેન ૨૬ ઓકટોબરથી ૨૩ નવેમ્બર સુધી ચલાવવામાં આવશે. બાંદ્રા ટર્મિનસથી ગોરખપુરની સાપ્તાહિક વિશેષ ટ્રેન પણ ૬ ફેરા મારશે. તો ગાંધીધામ-ભાગલપુર સાપ્તાહિક વિશેષ ટ્રેન પણ વાયા આણંદ અને ગોધરા થઈ દોડાવાશે.


દિવાળી પર ઉધના-છપરા સહિતની કુલ ૪ વિશેષ સાપ્તાહિક ટ્રેનો દોડાવવાનો રેલવે તંત્રએ નિર્ણય લીધો છે. આ નવી વેકેશન સ્પેશિયલ સ્ટેનોની જાહેરાત થતાં ઉત્તર ભારતીયોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૧૩મો મણકો ॥**

ગાંધીજીની મહાનતા જુઓ કે -

- તે લડાઈ જીત્યા હતા કોઈને હરાવ્યા વિના
- તેમણે ઘા રૂઝાવ્યા હતા કોઈનેય ઘા આપ્યા વિના અને
- તેમણે મૌન પાળ્યું, પણ એટલું મુખર પાળ્યું કે તેની વાણી અનેકનાં મન સુધી પહોંચી.



આ ગાંધીની વિલક્ષણતા, માત્ર લાક્ષણિકતા નહીં.

આત્મકથા જોતાં લાગે કે ગાંધીજી ભણવામાં ઢ હોવા જોઈએ. ઘણું તથ્ય હતું, પણ પૂરું નહીં.એમણે એક વાકય કહ્યું છે એ વધારે મહત્ત્વનું છે, ભણવા બાબતમાં મારી એટલી કાળજી ન હતી, આચરણ બાબતમાં હું વધારે ચીવટ રાખતો'તો. આ તેમના ભણતરનો સાર.

એટલે સાવ ઢ નહીં, પણ થોડાક ઢ ખરા. દાખલો આપું. મૅટ્રીકમાં તે માત્ર ૩૯ ટકે પાસ થયા હતા. અને આજે તો છોકરાઓ ૮૨ ટકેય રડે છે. એ જમાનામાં ટકાનું બહુ મહત્ત્વ ન હતું, પણ પ્રથમ પ્રયત્ને પાસ થઈ જવું મહત્ત્વનું હતું, જે તેમણે કર્યું હતું. એટલા એ હોંશિયાર.

આજના વિદ્યાર્થીઓએ સમજવાની જરૂર છે કે જીવનમાં સફળ થવા માટે મેટ્રીક લિસ્ટમાં નામ આવવું આવશ્યક નથી, મૅરીટ લિસ્ટમાં નામ આવવું જરૂરી છે.

પિતાજીએ ત્રણેય ભાઈઓનાં લગ્ન એકસાથે કરાવ્યાં હતાં. એમાંથી મોટાભાઈ પંદરેક વર્ષના અને નાના બે ભાઈઓ ૧૩ વર્ષના. તે વર્ષે બંને ભાઈઓ પરીક્ષામાં નાપાસ થયા હતા. કારણ દેખીતું જ હતું. બીજે વર્ષે ભણ્યા જ નહીં, પણ ગાંધીજી પાસ થયા હતા. એટલા એ હોંશિયાર, સાવ ઢ નહીં.


શામળદાસ કૉલેજમાં ભણવા ગયા ત્યારે અંગ્રેજીનો પ્રશ્ન તેમની સામે આવ્યો. તેમણે મોટાભાઈને કહી દીધું કે 'હું હવે ભણવા નહીં જાઉં. મારું માથું દુખે છે, એટલું માથું દુખે છે કે નસકોરી ફાટી જાય છે.' કુટુંબના એક હિતેચ્છુ માવજી દવેએ બૅરીસ્ટર થવા સૂચવ્યું. બૅરીસ્ટર થવાનો વિચાર સામે આવ્યો ને તેમણે વિદેશ જવાની હા ભણી. તેમને તો કોઈપણ હિસાબે આ કૉલેજ છોડવી જ હતી. વળી, તે બૅરીસ્ટર થશે તો બાપની ગાદી સંભાળશે, એવો વડીલોનો વિચાર પણ હતો.

પિતાજી બિમારીને કારણે મૃત્યુ પામ્યા હોવાથી ગાંધીજીને ડૉક્ટર થવાની પણ ઈચ્છા હતી. પણ કોઈ વડીલે કહેલું કે 'તારા બાપુજીને ન ગમ્યું હોત તેં મૅડિકલ લીધું હોત તો.' કારણ કે તેમના પિત ચુસ્ત વૈષ્ણવ હતા. આ કારણથી ગાંધીજીએ મૅડિકલમાં જવાનો વિચાર પડતો મૂકયો. બાપુજી તો હયાત નહોતા, પણ તેમ છતાં તેમને જે ન ગમ્યું હોત તે તેમણે ન કર્યું.

150 ગાંધીયાત્રા

એ પછી ઈંગ્લેન્ડ જતાં પહેલાં તેમની સામે ઘણી તકલીફો આવી. મેની એસ્લીપ બિટવીન કપ એન્ડ લિપ્સ. તેમને જ્ઞાતિમાંથી બહાર મૂકવા સુધીની વાત થઈ હતી, પણ તેઓ મક્કમ રહ્યા હતા.

આ તેમની વિશેષતા હતી. તેઓ પોતાના અંતરાત્માને જ છેવટની ઑથોરિટી માનતા. પોતાની માતાને ભગવાનની જેમ પૂજનાર ગાંધીજીને માતાએ એમ કહેલું કે આપણે ત્યાં પાયખાનાની સફાઈ કરવા જે ઉકાભાઈ આવે છે તેમને તારે અડકવું નહીં. પણ ગાંધીજીએ એ સ્વીકારેલું નહીં. એક માણસ બીજા માણસને કેમ ન અડે ? એ વાત તેમને સમજાતી ન હતી. એ કારણે માની વાત ન માનીને પણ તે ઉકાભાઈને અડ્યા, ખસૂસ અડ્યા. કોઈપણ વાત હોય, આખરે તો તે પોતાની આત્માના અવાજને જ અનુસરતા હતા.



આવા ગાંધીજીએ પોતાની આત્મકથામાં પોતાના દોષોને જાહેરખબરની જેમ લખ્યા છે. જ્યારે આજકાલના લોકો આત્મકથા જાહેરખબરની જેમ લખતા હોય છે.

ઈંગ્લેન્ડ જતાં જ ત્યાંના વ્યામોહ (ગ્લેમર)થી પોતે કેવા અંજાઈ ગયા હતા એની વાતો તેમણે આત્મકથામાં લખી જ છે. જેમાં કપડાંથી લઈને ડાન્સ અને સંગીત માટે વાયોલીન ખરીદ્યાની વાતો છે. પણ આ સઘળા વ્યામોહનું નિરસન માત્ર ત્રણ મહિનામાં જ થઈ ગયું. એનું કારણ ? પેલી આત્મનિરીક્ષણ અને આત્મશોધન કરવાની ટેવ. પાંચ હજાર વર્ષોથી હિન્દુ સંસ્કૃતિમાં પૂછાતો પ્રશ્ન : 'કો અહમ્ ?' અર્થાત્ 'હું કોણ છું ?' જવાબ મળ્યો કે, હું તો એક વિદ્યાર્થી છું, બેરીસ્ટર થવા આવ્યો છું. પછીથી પરિવારનું કંઈક ભલું થાય એ માટે આવ્યો છું. હું આ બધા ખરચ કરું છું, પણ મને પરદેશ મોકલવા માટે મોટાભાઈએ ઘરનું ફર્નીચર વેચ્યું હતું અને પત્નીએ પોતાનાં ઘરેણાં.

એટલે વિચાર કર્યો કે આ તો ન થાય.

એ પછી ગાંધીજીએ વ્યર્થ ખર્ચ છોડ્યા. વિચાર્યું, બસ કરતાં ટ્રામમાં ઓછા પૈસા થતા, પણ તેમણે ટ્રામમાં જવાનુંય ટાળ્યું. તેઓ બધે પગે ચાલીને જ જતા. આખું લંડન તેઓ પગે ચાલીને ફર્યા હતા.

આ એ જ ગાંધીજી હતા કે જેમણે પછીથી વિદેશી વસ્તુઓ વાપરવાનો વિરોધ કર્યો હતો ત્યારે અમને છોકરાઓને બાવળની શૂળો કાપી લાવવાનું કહેતા હતા. કારણ કે એ જમાનામાં ટાંકણીઓ પણ ઈંગ્લેન્ડથી આવતી. બાવળની શૂળોને ગાંધીજી પત્રોમાં લગાવવાનું કામ કરતા અને લીમડાના ગુંદરથી કવરને બંધ કરતા હતા.

આટલી કરકસર કરતા ગાંધીને મેં કોઈ સમયે સભા માટે સ્પેશિયલ ટ્રેન કરીને પણ જતા જોયા છે. બસનું ભાડું બચાવવા જનાર માણસ સ્પેશિયલ ટ્રેનનું ખર્ચ કરે ? હા. કારણ કે એ વિવેક તેમનામાં હતો. ક્યાં ખર્ચ કરાય અને ક્યાં ન કરાય એ બાબત તેઓ સારી રીતે જાણતા હતા. (ક્રમશઃ)

**સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'**
**કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ**